NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail -gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/૨૮૩૯૦ - ૪૫૨ તા-૧૩.૦૬.૨૦૨૫

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા- તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

વિષય : વિધાંજલિ કાર્યક્રમ અંગે સમાજની સહભાગીદારીતા વધારવા બાબત
સંદર્ભ- નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨ થી વિધાંજલિ કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે. જેમાં વિવિધ સમુદાયો, સંગઠનો, સ્વયંસેવકો, સ્થાનિક તથા આસપાસના વિસ્તારમાંથી વિવિધ NGO/એજન્સી/કચેરી/સંસ્થાઓના સહકાર અને CSR ફંડ દ્વારા સરકારી શાળાઓમાં જરૂરી સહયોગ આપી શાળાનો વિકાસ કરવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સદર બાબતે જે શાળાઓએ વિધાંજલિ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેઓએ ઝડપથી રજિસ્ટ્રેશન પૂર્ણ કરવાનું રહેશે. ગ્રામ્ય અને શહેરી કક્ષાએથી સમુદાય, સંગઠનો, સ્વયંસેવકો તેમજ સ્થાનિક તથા આસપાસના વિસ્તારમાંથી વિવિધ NGO/એજન્સી/કચેરી/સંસ્થા શાળાને કોઈ યોગદાન આપવા ઈચ્છે તો શાળાના આચાર્યશ્રીએ સ્થાનિક સમુદાય/એજન્સી કે સંસ્થાને આ પ્રક્રિયા અંગે ખ્યાલ ન હોય તો તેઓને રજિસ્ટ્રેશન તેમજ શાળાને જે સુવિધા ઉપલબ્ધ કરાવવા ઈચ્છે છે તેની ઓનલાઈન પ્રક્રિયા અંગે સહયોગ આપવો. આ પ્રક્રિયા અંગે શાળાઓને સમાજ સાથેનું જોડાણ વધે અને ગામની શાળાના વિકાસમાં તેઓનું યોગદાન જોડાય તે હેતુએ પરસ્પર સહયોગી થઇ ઓનલાઇન પ્રક્રિયામાં મદદ કરવા આચાર્યશ્રીઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

આ સાથે ખાસ એ પણ ધ્યાન દોરવાનું કે ટૂંક સમયમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં સ્થાનિક દાતાઓ તેમજ સંસ્થા/NGO દ્વારા દરેક શાળાઓને શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ થતા હોય છે. તો આ તમામ ઉપલબ્ધ થતી બાબતોને વિધાંજલિ પોર્ટલ મારફત કરવામાં આવે તે ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

આ અંગે CRC કો.ઓ દ્વારા બિનચૂક કાળજી લઇ પૂર્વ આયોજન હાથ ધરવામાં આવે અને તમામ શાળાઓ શાળા પ્રવેશમહોત્સવ દરમિયાન શાળાને મળતા લાભ/સહાય વિધાંજલિ પોર્ટલ મારફતે લેવામાં આવે તે અંગે આપની કક્ષાએથી દરેક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમ માટે જિલ્લા કક્ષાએ શિક્ષણ સેવા વર્ગ-૨ કક્ષાના નોડલ અધિકારી નિયુક્ત કરેલ છે, જેઓએ આ અંગે BRC/CRC કો. ઓ સાથે શાળા પ્રવેશોત્સવ પૂર્વે એક વીડિયો કોન્ફરન્સ યોજી માર્ગદર્શન આપવાનું રહેશે.

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>બિડાણ</u> : વિધાંજલિ કાર્યક્રમ માર્ગદર્શિકા અને પરિશિષ્ટ A

<u>નકલ સવિનય રવાના:</u>

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

જા.નં./RMSA/૨૦૨૪/૭૩૯૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
સુરત તા. ૨૧/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ સરકારી માધ્યમિક અને
ઉ.મા. શાળાઓ તરફ.

ર/- જાણ તથા અમલ કરવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

# <u>પરિશિષ્ટ A</u>

આવનારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ દરમ્યાન આપની શાળામાં સહભાગી બનનાર દાતાઓ/સ્વયંસેવક/ટ્રસ્ટ/સંસ્થાઓ/NGO અને CSRના પ્રતિનિધિને વિધાંજલિ કાર્યક્રમ વિશે માહિતગાર કરવાના રેહશે જે માટે નીચે સૂચવેલ કાર્યો અચૂકપણે કરવાના રેહશે.

1. દાતાઓ/સ્વયંસેવક/ટ્રસ્ટ/સંસ્થાઓ/NGO અને CSRના પ્રતિનિધિને ભારત સરકારના વિધાંજલિ પોર્ટલ અંગે માહિતગાર કરવાના રેહશે. (પોર્ટલની લિંક- https://vidyanjali.education.gov.in/ )
2. જિલ્લાઓએ એ સુનિશ્ચિત કરવાનું રેહશે કે દરેક શાળાઓમાં પ્રવેશોત્સ્વ દરમ્યાન જે પણ દાન/સહાય /સહાય પ્રાપ્ત થાય છે તે દાન/સહાય વિધાંજલિ પોર્ટલ દ્વારા શાળામાં લેવાનું રેહશે.આ અંગેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રેહશે.
3. સૌપ્રથમ શાળાઓએ દાતાઓ દ્વારા જે દાન/સહાય આપવામાં આવે છે તે મુજબ પોર્ટલ પર શાળાના લોગીન દ્વારા રીક્વેસ્ટ રેઈઝ કરવાની રેહશે.
4. ત્યાર બાદ દાતાઓને જાણ કરવાની રેહશે કે તેઓ VOLUNTEER તરીકે રજીસ્ટર કરી અને પોર્ટલ પર આપેલ દાન/સહાય ને દર્શાવી શકશે.આ માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.
5. આ સિવાય NGO અને CSR ના પ્રતિનિધિને માર્ગદર્શિત કરી શકાય કે તેઓ તેમના NGO અને CSRને વિધાંજલિ પોર્ટલ પર રજીસ્ટર કરી અને શાળાઓને કેવી રીતે મદદ કરી શકે છે. CSR માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.
6. શાળાના લોગીનમાં offline contribution નો વિકલ્પ પણ ઉપલબ્ધ છે જેમાં ઉપલબ્ધ ફ્રોર્મ ભરી અને દાતાઓશ્રી એ આપેલ દાન/સહાય ની વિગત લખી શકાય છે. (ગુપ્ત દાન/સહાય અથવા જયારે દાતા પોર્ટલ પર Volunteer તરીકે રજીસ્ટર કરવા સક્ષમના હોય ત્યારે)
7. આ સાથે CSRના પ્રતિનિધિને માહિતી આપવાની રેહશે કે વિધાંજલિ કાર્યક્રમ દ્વારા CSR શાળાને દતક (Adopt A School) પણ લઇ શકે છે. (CSR- લોગીન પર ઉપલબ્ધ).